વિભાગ-૧ નવી બાબતવર્ષ-૨૦૧૮-૨૦૧૯
"મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ તાલીમ યોજના" અંતર્ગત
સાપેક્ષે એપ્રેન્ટીસ તરીકે રાખનાર એકમને પ્રોત્સાહન
આપવા બાબત.

ગુજરાત સરકાર
શ્રમ અને રોજગાર વિભાગ,
ઠરાવ ક્રમાંક : તલમ/૧૨/૨૦૧૮/૬૧૯૬૦/આર-૨
સચિવાલય, ગાંધીનગર
તારીખ-૦૬/૦૪/૨૦૧૮

વંચાણે લીધો:

(૧) નિયામક, રોજગાર અને તાલીમ, ગાંધીનગરનો તા-૨૯/૦૧/૧૮નો પત્ર ક્રમાંક:રોતાનિ/એ.ટી.એસ./છ/૧૮/૪૨૪.
(૩)સરખા ક્રમાંકની ફાઇલ પર નિયામક, રોજગાર અને તાલીમ, ગાંધીનગરની તા-૦૭/૦૩/૨૦૧૮ની નોંધ.

## પ્રસ્તાવના:-

કોઇ પણ રાષ્ટ્રના ઔદ્યોગિક વિકાસ માટે માનવસંસાધનનો વિકાસ અત્યંત મહત્વનો હોય છે. કૌશલ્યમાં સુધાર એ માનવસંસાધનનું મહત્વનું અંગ છે. માત્ર સંસ્થામાં આપેલ તાલીમ કૌશલ્ય મેળવવા માટે પૂરતી નથી હોતી, પરંતુ તેના માટે કામના સ્થળે પ્રત્યક્ષ તાલીમની જરૂર મહત્વની હોય છે. ઉદ્યોગોને કુશળ માનવશક્તિ પૂરી પાડવાની જરુરિયાતને પહોંચી વળવાના આશય સાથે ઉદ્યોગો પાસે ઉપલબ્ધ સગવડોનો મહત્તમ ઉપયોગ કરીને પ્રત્યક્ષ તાલીમ મળી રહે તે માટે એપ્રેન્ટીસ અધિનિયમ ૧૯૬૧માં સુધારો કરવામાં આવ્યો હતો. શરૂઆતમાં આ ધારામાં એપ્રેન્ટીસશીપ તાલીમ માટે માત્ર ટ્રેડ એપ્રેન્ટીસોનો જ સમાવેશ થતો હતો. પરંતુ સમય જતાં તેમાં અનુક્રમે વર્ષ-૧૯૭૩, ૧૯૮૬, અને ૨૦૧૪માં જરૂરી સુધારા કરાયા અને ગ્રેજ્યુએટસ, ટેકનિશિયન, ટેકનિશિયન (વોકેશનલ) અને વૈકલ્પિક ટ્રેડ એપ્રેન્ટીસોને પણ એપ્રેન્ટીસશીપ તાલીમ હેઠળ આવરી લેવામાં આવેલ છે. .

એપ્રેન્ટીસ અધિનિયમની જોગવાઇ મુજબ ૪૦ થી વધારે (કોન્ટ્રાકટચ્યુઅલ સહિત) માનવબળ ધરાવતા એકમોએ કુલ માનવબળની સંખ્યામાં ૨.૫% થી ૧૦% ની મર્યાદામાં એપ્રેન્ટીસ ભરતી કરવી ફરજીયાત છે. તે જ રીતે ૭ થી ૩૯ સુધીનું માનવબળ ધરાવતા એકમો માટે એપ્રેન્ટીસ એન્ગેજમેન્ટની જરૂરીયાત છે. પરંતુ આ જોગવાઇ અનુસાર એપ્રેન્ટીસ એન્ગેજમેન્ટ કરવામાં એકમો એ ઉત્સાહ દાખવેલ નથી. મોટી સંખ્યામાં એકમો પોતાના એકમનું એપ્રેન્ટીસ અધિનિયમન અંતર્ગતનું રજીસ્ટ્રેશન પણ ધરાવતા નથી. સરકારશ્રીએ આ પરીસ્થિતિ ધ્યાને લઇ એકમો એપ્રેન્ટીસ એન્ગેજમેન્ટ માટે પહેલ કરે તે માટે એકમોને પ્રોત્સાહિત કરવાનો નિર્ણય કરેલ છે. ભારત સરકાર ધ્વારા "નેશનલ એપ્રેન્ટીસ પ્રમોશન સ્કીમ" (NAPS) ના માધ્યમથી એપ્રેન્ટીસની એન્ગેજમેન્ટ કરતા એકમો માટે પ્રોત્સાહન યોજના ઓગસ્ટ –૨૦૧૬ થી અમલમાં છે.

## યોજનાનું સ્વરૂપ:-

ગુજરાતમાં ઔધોગિક તેમજ સેવાકીય ક્ષેત્રના વિકાસને ધ્યાનમાં લઇ એપ્રેન્ટીસ કાયદાની જોગવાઇ પ્રમાણે એપ્રેન્ટીસ રોકતા એકમને ભારત સરકાર દ્વારા આપવામાં આવતા પ્રોત્સાહન ઉપરાંત પ્રોત્સાહન આપવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ "મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ યોજના"ને આથી મંજૂરી આપવામાં આવે છે.

એપ્રેન્ટીસ અધિનિયમ – ૧૯૬૧ ની જોગવાઇ તળે આવરી લેવાયેલ તમામ એકમોને આ યોજના લાગુ પડે છે. રોકવામાં આવતા એપ્રેન્ટીસની શૈક્ષણિક લાયકાત અનુસાર નીચે મુજબ પ્રોત્સાહન એપ્રેન્ટીસ રોકતા એકમોને પ્રોત્સાહનરૂપે આપવા આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | એપ્રેન્ટીસ તરીકે રોકવામાં આવતા ઉમેદવારની શૈક્ષણિક લાયકાત | પ્રતિ એપ્રેન્ટીસ / પ્રતિ માસ એકમને આપવાના પ્રોત્સાહનની રકમ |
|---|---|---|
| ૧ | ગ્રેજયુએટ કે તેથી વધુ લાયકાત ધરાવતા | રૂા. ૩,૦૦૦/- |
| ૨ | ડીપ્લોમા | રૂા. ૨,૦૦૦/- |
| ૩ | ડીપ્લોમાથી નીચે તમામ પ્રકારની લાયકાત ધરાવતા | રૂા. ૧,૫૦૦/- |

**લક્ષ્યાંક:-** આ યોજના માટે વર્ષ ૨૦૧૮-૧૯ નો લક્ષ્યાંક તમામ પ્રકારના એકમો ખાતે ૧ લાખ એપ્રેન્ટીસોને તાલીમબધ્ધ કરવાનો છે.

**યોજના નો વ્યાપ:-**

- એપ્રેન્ટીસ અધિનિયમ ૧૯૬૧ અંતર્ગત આવરી લેવાયેલ ન હોય તેવા એકમોને અધિનિયમની જોગવાઇ અનુસાર એપ્રેન્ટીસ અધિનિયમ અંતર્ગત આવરી લેવા. આવા આવરી લેવાયેલ નવા એકમો તેમજ અગાઉથી જે એકમો એપ્રેન્ટીસ અધિનિયમ ૧૯૬૧ અંતર્ગત આવરી લેવાયેલ છે તેવા તમામ એકમો ખાતે એકમની પસંદગી અનુસારના વ્યવસાયોમાં કુલ માનવબળના ૨.૫ % થી ૧૦% ની મર્યાદામાં વધુને વધુ સંખ્યામાં એપ્રેન્ટીસોનું એન્ગેજમેન્ટ કરી તાલીમબધ્ધ કરવા.
- મેન્યુફેકચરીંગ ક્ષેત્ર સિવાયના અન્ય ક્ષેત્રો જેવા કે બેન્કીંગ, ફાઇનાન્સીયલ સર્વિસ, ઇન્સ્યોરન્સ, લોજીસ્ટીક, હોટેલ, હોસ્પીટલ, ટુરીઝમ, સીક્યોરીટી વગેરે જેવા સેવા ક્ષેત્રો ખાતે ખુબ મોટા પ્રમાણમાં એપ્રેન્ટીસની એન્ગેજમેન્ટ થવાની શકયતાઓને ધ્યાને લઇ આ ક્ષેત્રોમાં એપ્રેન્ટીસોને રોકવાના રહેશે.
- એપ્રેન્ટીસશીપ તાલીમ યોજના માટેના NCVT માન્ય ડેઝીગ્નેટેડ તથા ઓપ્શનલ વ્યવસાયોમાં એપ્રેન્ટીસની મોટા પ્રમાણમાં એન્ગેજમેન્ટ થાય તેમ કરવાનુ રહેશે. આ ઉપરાંત માનવસંસાધન મંત્રાલય ભારત સરકારના નેશનલ એપ્રેન્ટીસશીપ ટ્રેનિંગ સ્કીમ (NATS) હેઠળ આવરી લેવાયેલ ગ્રેજ્યુએટ અને ટેકનીશ્યન એપ્રેન્ટીસનું એન્ગેજમેન્ટ કરવાનું રહે છે.
- ભારત સરકારના "પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના (PMKVY)" અને મોડ્યુલર એમ્પ્લોયેબલ સ્કીમ (MES) કોર્ષના પાસ-આઉટ તાલીમાર્થીઓને બેઝીક તાલીમ મેળવવાની આવશ્યકતા નથી અને તેઓ સીધા જ એપ્રેન્ટીસશીપ તાલીમમાં દાખલ થઇ શકે છે. તેવી જોગવાઇ અનુસાર આવા તાલીમર્થીઓની એપ્રેન્ટીસ તરીકે જોડાય તે મુજબની કામગીરી પણ કરવાની રહેશે.
- સ્કુલ ડ્રોપ આઉટ/ આઇ.ટી.આઇ. માં પ્રવેશ ન મેળવી શકેલ ઉમેદવારોને "ફ્રેશર એપ્રેન્ટીસ" તરીકે ભરતી કરવા માટેની કામગીરી ઝુંબેશ સ્વરૂપે લઇને એપ્રેન્ટીસોની સંખ્યામાં નોંધપાત્ર વધારો કરી શકાય. પ્રિન્ટ મિડીયા અને ઇલેકટ્રોનિક મિડીયા, સોશ્યલ મિડીયા, OOH media, વર્કશોપ-સેમિનાર, પોસ્ટર, બેનર્સ, હોર્ડીંગ, વિગેરે ના માધ્યમથી "ફ્રેશર એપ્રેન્ટીસ" બાબતે જાગૃતતા લાવી એપ્રેન્ટીસોની સંખ્યામાં વધારો કરવાનો રહેશે.
- એપ્રેન્ટીસ અધિનિયમ હેઠળની "Industry Friendly" જોગવાઇઓથી અને એપ્રેન્ટીસની એન્ગેજમેન્ટ બાબતે સરકારની સહાય અંગે MSME કક્ષાના નાના-લઘુ એકમોને જાણકારી મળે અને તેઓ એપ્રેન્ટીસની ભરતી બાબતે ઉત્સાહીત બને તે માટે વર્કશોપ/સેમિનાર આયોજીત કરીને MSME ને એપ્રેન્ટીસ અધિનિયમમાં આવરી લઇ એપ્રેન્ટીસોની સંખ્યામાં વધારો કરવાનો રહેશે.

## જુદા જુદા વિભાગોની ભાગીદારી અને તેઓ દ્વારા હાથ ધરવાની થતી કામગીરી

- ઉદ્યોગ અને ખાણ વિભાગ
  a) રાજ્યમાં આવેલ ૨૦૨ GIDC માં દર મહિને એપ્રેન્ટિસ ભરતીમેળા યોજી GIDC માં કાર્યરત એકમો ખાતે એપ્રેન્ટિસ અધિનિયમની જોગવાઇ અનુસાર ઉપલબ્ધ માનવબળ(કરાર આધારિત સહિત)નાં ૨.૫% થી ૧૦% ના બેન્ડમાં એપ્રેન્ટિસની ભરતી કરાવવી.
  b) આ ઉપરાંત ફ્રેશર (નોન આઇ.ટી.આઇ.) ઉમેદવારના કિસ્સામાં આપવાની થતી પાયાની તાલીમ માટે GIDC માં કાર્યરત સ્કીલ અપગ્રેડેશન સેન્ટર, ઉદ્યોગ ગૃહો ખાતે ઉપલબ્ધ તાલીમી સુવિધા કે GIDC એસોશીએશન નો સહયોગ મેળવી જરૂરી વ્યવસ્થા ગોઠવવાની રહેશે.
  c) GIDC ના અધિકારીઓ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના અધિકારીઓ તેમજ Special Economic Zone (SEZ) ના અધિકારીઓને નાયબ/ મદદનીશ એપ્રેન્ટિસશીપ સલાહકાર તરીકે અધિકૃત કરવા.
  d) વિવિધ પ્રોત્સાહન નિતિઓમાં એપ્રેન્ટિસ એન્ગેજમેન્ટની શરત ઉમેરવી
- પ્રવાસન વિભાગ
  a) રાજ્યના પ્રવાસન ક્ષેત્રના વિકાસને ધ્યાને લઇ બનેલ ટુરીઝમ પોલીસી અંતર્ગત રાજ્યમાં ટુરીસ્ટ ગાઇડ માટે રોજગારીની વિપુલ તકોને ધ્યાને લેતા આ વ્યવસાય માટે એપ્રેન્ટિસ એન્ગેજમેન્ટ અને આપવાની થતી બેઝીક તાલીમ સુવિધા માટે ટુરીઝમ કોર્પોરેશન ઓફ ગુજરાત લિમિટેડ હેઠળની માન્ય સંસ્થાઓ, હોટલો તેમજ મહત્વના પ્રવાસન સ્થળો ખાતે જરૂરી વ્યવસ્થા ઉભી કરવી. આ ઉપરાંત રાજ્યની હોટલ ઇન્ડસ્ટ્રીમાં ફુડ પ્રોડકશન(જનરલ), (વેજીટેરીયન), સ્ટુઅર્ડ, હાઉસકીપર (હોટેલ), બેકર એન્ડ કન્ફેક્શનર, રીસેપ્સનીસ્ટ / હોટલ ક્લાર્ક / ફ્રન્ટ ઓફીસ આસીસ્ટન્ટ જેવા વ્યવસાયોમાં એપ્રેન્ટિસ એન્ગેજમેન્ટની કામગીરી કરવી. આ માટે TCGL કે પ્રવાસન વિભાગના અધિકારીઓને નાયબ/ મદદનીશ એપ્રેન્ટિસશીપ સલાહકાર તરીકે અધિકૃત કરવા.
- શિક્ષણ વિભાગ
  a) ભારત સરકારના માનવ સંસાધન મંત્રાલય દ્વારા અમલીકૃત "નેશનલ એપ્રેન્ટીસ ટ્રેઇનીંગ સ્કિમ" (NATS) અંતર્ગત એન્જિનિયરીંગ અને ટેકનોલોજી ગ્રેજ્યુએટ/ડિપ્લોમા પાસ વિદ્યાર્થીઓ માટે એપ્રેન્ટીસ યોજનાનો અમલ થઇ રહેલ છે. આ યોજનાની અમલવારી માટે શિક્ષણ વિભાગે બોર્ડ ઓફ એપ્રેન્ટીસશીપ ટ્રેનિંગ,વેસ્ટર્ન રીજીયનની મુંબઇ સ્થિત કચેરી સાથે સંકલન કરી મોટી સંખ્યામાં ગ્રેજ્યુએટ અને ટેકનીશીયન એપ્રેન્ટીસની માન્ય ૧૬૩ વ્યવસાયોમાં ભરતી કરાવવી.
  b) રાજ્યમાં કાર્યરત ખાનગી યુનિવર્સિટીઓ, તેમજ સ્વનિર્ભર આર્ટસ, કોમર્સ, સાયન્સ, એન્જીનીયરીંગ કોલેજ અને પોલીટેકનિક ખાતે એપ્રેન્ટીસ તેમજ એકમોને "એપ્રેન્ટીસ ભરતી કેમ્પ" ના માધ્યમથી જરૂરી પ્લેટફોર્મ પૂરું પાડવું.
  b) B.A. / B.Com / BBA / LLB વિગેરે વિદ્યાર્થીઓને ઓપ્શનલ ટ્રેડ એપ્રેન્ટીસ કેટેગરીમાં સમાવિષ્ટ વિવિધ વ્યવસાયોમાં એન્ગેજમેન્ટ માટે વિવિધ કોલેજો/ સંસ્થાઓ અને યુનિવર્સિટીઓનો સહયોગ મેળવવો.
  c) ઇજનેરી, પોલીટેકનિક, આર્ટ્સ અને કોમર્સ કોલેજોના આચાર્યશ્રીઓને તેમના અધિકાર ક્ષેત્ર માટે નાયબ/મદદનીશ એપ્રેન્ટીસશીપ સલાહકાર તરીકે અધિકૃત કરવા.

- શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ
    - a) અર્બન લોકલ બોડી (ULB)ના રેગ્યુલેશનમાં આવતા મોટા એકમો જેવા કે મોલ, હોસ્પિટલ્સ, હોટેલ્સ, સિનેમા, ડેકોરેટર્સ, ડેવલપર્સ, બિલ્ડર્સ, મેન્યુફેક્ચરર્સ, વિગેરેમાં એપ્રેન્ટીસ એન્ગેજમેન્ટ કરાવવું.
    - b) રાજ્યની ૮ મહાનગરપાલિકાઓ ખાતે ફ્રેશર (નોન આઇ.ટી.આઇ.) ઉમેદવારના કિસ્સામાં એપ્રેન્ટીસ અધિનિયમ અનુસાર આપવા પાત્ર બેઝીક તાલીમ માટેની સુવિધા પૂરી પાડી શકાય.
    - c) Gujarat Urban Development Corporation (GUDC), ગુજરાત હાઉસિંગ બોર્ડ(GHB) અને Metro Link Express for Gandhinagar and Ahmedabad (MEGA) કંપની સાથે સંકળાયેલ કોન્ટ્રાક્ટરો ના માધ્યમથી એપ્રેન્ટીસ એન્ગેજમેન્ટ કરાવવું.
    - d) નાયબ મ્યુ. કમિશ્નર, મ્યુ. કોર્પોરેશન, GUDC, GHB, અને MEGAને તેમના અધિકાર ક્ષેત્ર માટે નાયબ/મદદનીશ એપ્રેન્ટીસશીપ સલાહકાર તરીકે અધિકૃત કરવા.
- ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
    - a) વિભાગ હસ્તકના ૨૫ PSU માં તેમજ પાવર અને ગેસ સેક્ટરનાં ખાનગી એકમો ને પણ આ યોજના સાથે સાંકળી એપ્રેન્ટીસ એન્ગેજમેન્ટ કરાવવું. પાવર અને ગેસ સેક્ટરનાં જાહેર સાહસો તેમજ ખાનગી એકમોમાં આઇ.ટી.આઇ. પાસ આઉટ તથા એન્જિનીયરીંગ અને ટેક્નોલોજી પાસઆઉટ માટે ગ્રેજ્યુએટ/ ટેકનિકલ એપ્રેન્ટીસ તરીકે એન્ગેજમેન્ટ કરાવવું.
    - b) DISCOM ના અધિકારીને તેમના અધિકાર ક્ષેત્ર માટે નાયબ/મદદનીશ એપ્રેન્ટીસશીપ સલાહકાર તરીકે અધિકૃત કરવા.
- આરોગ્ય અને કુટુંબ કલ્યાણ વિભાગ
    - a) આરોગ્ય સેવાઓ માટે પાયાના ક્ષેત્રીય કુશળ માનવબળની આવશ્યકતા ને ધ્યાને લેતા આરોગ્ય સેવાઓ પૂરી પાડતા મોટા ખાનગી એકમોમાં એપ્રેન્ટીસ એન્ગેજમેન્ટ કરાવવું
    - b) મેડીકલ લેબોરેટરી ટેકનીશયન (પેથોલોજી), (રેડીયોલોજી), (કાર્ડીયોલોજી), (ફીજીયોથેરાપી), ડેન્ટલ લેબોરેટરી ટેકનીશયન, હેલ્થ સેનેટરી ઇન્સપેક્ટર અને હોસ્પીટલ વેસ્ટ મેનેજમેન્ટ આસીસટન્ટના ટ્રેડ માટે જરૂરી લાયકાત અનુસાર એપ્રેન્ટીસ એન્ગેજમેન્ટ કરાવવું. જે એપ્રેન્ટીસના કિસ્સામાં બેઝીક તાલીમ આપવાની થતી હોય તેવા કિસ્સામાં રાજ્યની સરકારી તેમજ ખાનગી હોસ્પિટલો, નર્સિંગ ઇન્સ્ટીટ્યુટ કે અન્ય તાલીમી સંસ્થાઓ ખાતે બેઝીક તાલીમ સુવિધા પૂરી પાડવી. ઓલ્ડ એજ કેર ટેકરની હાલની જરુરીયાતને ધ્યાને લઇ આ માટે એપ્રેન્ટિસ એન્ગેજમેન્ટ અને જરુર હોય તેવા કિસ્સામાં બેઝીક તાલીમની વ્યવસ્થા ઉભી કરવી.
    - c) ફુડ એન્ડ ડ્રગ કંટ્રોલ ઓથોરિટી મારફતે હોટેલ્સ, રેસ્ટોરેન્ટ, મોટા ફુડ પ્રોડક્શન હાઉસમાં તેમજ ગુજરાત મેડિકલ સર્વિસિઝ કોર્પોરેશન લિમિટેડમાં એપ્રેન્ટીસ રોકવા.
    - d) જિલ્લા આરોગ્ય અધિકારીને તેમના અધિકાર ક્ષેત્ર માટે નાયબ/મદદનીશ એપ્રેન્ટીસશીપ સલાહકાર તરીકે અધિકૃત કરવા.
- બંદરો અને વાહન વ્યવહાર વિભાગ
    - a) Gujarat State Road Transport Corporation(GSRTC) ખાતે ૧૦% ના બેન્ડ સુધી એપ્રેન્ટીસ રોકવા સાથોસાથ Gujarat Maritime Board (GMB) સાથે સંકળાયેલ પોર્ટ યુઝર્સ, શિપ બ્રેકર્સ અને અન્ય ટ્રેડર્સ તેમજ ખાનગી બંદરો તથા લોજીસ્ટીક વ્યવસાય સાથે સંકળાયેલ એકમો ખાતે એપ્રેન્ટીસ એન્ગેજમેન્ટ કરાવવું

b) GSRTC ના ડિવિઝનલ મેનેજર અને ARTO તેમજ GMB ના બંદરો સાથે સંકળાયેલ અધિકારીઓને તેમના અધિકાર ક્ષેત્ર માટે નાયબ/મદદનીશ એપ્રેન્ટીસશીપ સલાહકાર તરીકે અધિકૃત કરવા.

- કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ

a) એગ્રો બેઝ્ડ ઉદ્યોગોમાં ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન (GAIC) ના ગ્રામ્ય / તાલુકા કક્ષાના સેન્ટરો દ્વારા વિવિધ પ્રોત્સાહનોનો લાભ લેતા એકમો, સુગર મિલ, દુધ ઉત્પાદક સંઘો, સહકારી બેન્કો , APMC, અમુલ, સુમુલ, વિગેરેમાં કુલ માનવબળ (કરાર આધારિત સહિત)ના ૧૦% જેટલી એપ્રેન્ટીસ ભરતી કરવી. એપ્રેન્ટીસ અધિનિયમ હેઠળ નિર્દિષ્ટ મિકેનીક(એગ્રીકલ્ચર મશીનરી), હોર્ટીકલ્ચર આસીસ્ટન્ટ, સ્ટોકમેન(ડેરી), એટેન્ડન્ટ ઓપરેટર (ડેરી) , ફ્લોરીસ્ટ એન્ડ લેન્ડ સ્કેપર જેવા વ્યવસાયોમાં એપ્રેન્ટીસ એન્ગેજમેન્ટ મહત્તમ થાય તેવા પ્રયત્ન કરવા.

b) સહકારી મંડળીઓ, સહકારી બેન્કો તેમજ વિ. માટે જિલ્લા રજીસ્ટ્રારશ્રી ને તેમના અધિકાર ક્ષેત્ર માટે નાયબ/મદદનીશ એપ્રેન્ટીસશીપ સલાહકાર તરીકે અધિકૃત કરવા.

- માર્ગ અને મકાન વિભાગ

a) માર્ગ અને મકાન વિભાગ દ્વારા અપાતા કોન્ટ્રાક્ટોમાં, કોન્ટ્રાકટરનાં માધ્યમથી એપ્રેન્ટિસ એન્ગેજમેન્ટ કરાવવું તેમજ પાર્ક્સ એન્ડ ગાર્ડનમાં ગાર્ડનર વ્યવસાયમાં એપ્રેન્ટિસ એન્ગેજમેટ કરાવવું સાથોસાથ વિભાગ દ્વારા અપાતા કોન્ટ્રાક્ટોમાં કોન્ટ્રાક્ટર દ્વારા એપ્રેન્ટિસ એન્ગેજમેન્ટની શરત ઉમેરવી.

b) નાયબ/ મદદનીશ કાર્યપાલક ઇજનેરશ્રીઓ ને તેમના અધિકાર ક્ષેત્ર માટે નાયબ/મદદનીશ એપ્રેન્ટીસશીપ સલાહકાર તરીકે અધિકૃત કરવા.

- દરેક વિભાગ પોતપોતાના કાર્યક્ષેત્રમાં સંકળાયેલા ખાનગી તેમજ અર્ધ સરકારી એકમો ધ્વારા એપ્રેન્ટીસ અધિનિયમ – ૧૯૬૧ ની જોગવાઇ અનુસાર એપ્રેન્ટીસ રોકે તે માટે સંબંધકર્તા ચેમ્બર ઓફ કોમર્સ, એસોસીએશનો, ઔદ્યોગિક તેમજ સેવાકીય ક્ષેત્રે સંકળાયેલ એકમો સાથે સમયાંતરે બેઠકો યોજી/ રૂબરૂ મુલાકાત લઇ જે તે એકમ ખાતે એપ્રેન્ટીસ અધિનિયમની જોગવાઇ અનુસાર કરવાપાત્ર વધારાના એપ્રેન્ટીસ એન્ગેજમેન્ટ માટેની વિગતો મેળવશે તેમજ તેની સાપેક્ષે યોગ્ય ઉમેદવારોને ભરતી મેળા કે અન્ય માધ્યમથી જે તે એકમ ખાતે પોતાના વિભાગના એપ્રેન્ટીસ એડવાઇઝર તરીકે નિયુક્ત કરાયેલ અધિકારી મારફતે નિયુક્તિ કરાવશે. સરકારશ્રીના દરેક વિભાગ આ યોજનાનું અમલીકરણ અંગેની પોતાની જવાબદારી સ્વીકારશે. આ માટે જે તે વિભાગે જે અધિકારી/ કર્મચારીઓને નાયબ/મદદનીશ એપ્રેન્ટીસ એડવાઇઝર તરીકે નિયુકત કરવાના રહે તેમની યાદી શ્રમ અને રોજગાર વિભાગને ઉપલબ્ધ કરાવવાની રહેશે.

<u>અમલવારીની પધ્ધતી:-</u>

- આ યોજનામાં એપ્રેન્ટીસ અધિનિયમ હેઠળ ટ્રેડ / ટેકનીશીયન (વોકેશનલ) એપ્રેન્ટીસના કિસ્સામાં ફ્રેશર ઉમેદવારને આપવાની થતી બેઝીક તાલીમની સુવિધા જે તે સંબંધકર્તા વિભાગે પોતાના કાર્યક્ષેત્ર હેઠળની સંસ્થાઓ કે ઉપલબ્ધ માળખાકીય સવલત્તનો ઉપયોગ કરવાનો રહેશે.
- આ યોજનાની અમલવારી તથા ભારત સરકારની NAPS યોજના હેઠળ "Reimbursement" કરવા પાત્ર રકમ તેમજ મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ યોજનાની પ્રોત્સાહનની રકમની ચુકવણી તેમજ એપ્રેન્ટીસ ઉમેદવારોની વર્ષ દરમિયાન યોજાતી ભારત સરકાર ની પરીક્ષા માટે શ્રમ અને રોજગાર વિભાગના તાબા હેઠળની ૮૫ કચેરીઓ ખાતે મોનીટરીંગ, રીવ્યુ તથા IT આનુષંગિક કામગીરીની

વ્યવસ્થા કરશે. આવી પ્રત્યેક કચેરી ખાતે IT & MIS કન્સલટન્ટો માસિક રૂ. ૩૦૦૦૦ ના મહેનતાણાથી આઉટસોર્સના માધ્યમથી રાખવાના રહેશે. આ કચેરીને IT અને Office Automation સાધનોથી સજ્જ કરવાની રહેશે.

- એકમોને પ્રોત્સાહન મળી રહે તે હેતુસર શ્રમ અને રોજગાર વિભાગના સને ૨૦૧૮-૧૯ ના વર્ષના અંદાજપત્રમાં રૂપિયા ૨૭૧૬૬.૦૦ લાખ( અંકે રૂપિયા સતાવીસ હજાર એકસો છાસઠ લાખ પુરા) ની વિભાગ-૧ હેઠળ રજુ કરેલ નવી બાબત નીચેની વિગતે અને શરતોને આધિન નીચેના બજેટ સદરે ખર્ચ કરવા માટે વહીવટી મંજુરી આપવામાં આવે છે.

માંગણી નં-૫૭,
મુખ્ય સદર-૨૨૩૦ શ્રમ અને રોજગાર,
ગૌણ સદર- ૧૦૨ એપ્રેન્ટીશીપ તાલીમ,
પેટા સદર- (૦૧) EMP-4 રાષ્ટ્રીય ઉમેદવારી તાલીમ યોજના

**શરતો :-**

1. આ યોજના અંતર્ગત પ્રતિ સ્નાતક એપ્રેન્ટીસ માસિક રૂ.૩,૦૦૦/-, પ્રતિ ડિપ્લોમા ધારક એપ્રેન્ટીસ માસિક રૂ.૨,૦૦૦/- અને અન્ય પ્રતિ ડિપ્લોમાથી નીચેની કક્ષાના એપ્રેન્ટીસ માટે માસિક રૂ.૧,૫૦૦/- વળતર જે તે એપ્રેન્ટીસ રોકતા એકમને ચુકવવાનું રહેશે.આ યોજના અંતર્ગત એક વર્ષ સુધી પ્રોત્સાહક રકમની સહાય આપવામાં આવશે.
2. જે યુવાનો અને યુવતીઓ એપ્રેન્ટીસ કાયદા હેઠળ આવરી લીધેલ કારખાના, હોટલો, હોસ્પીટલો, ટ્રાન્સપોર્ટ, બેંકો, ખાણ ઉદ્યોગ, આઇ.ટી ઉદ્યોગ, ફાઇનાન્સીયલ સર્વિસીસ જેવા વ્યાપક રોજગારી આપતા એકમોમાં એપ્રેન્ટીસ તરીકે જોડાશે તેવા એકમોને પેરા ૩(૧) મુજબનું વળતર ચુકવવાનુ રહેશે.
3. આ યોજનાના અમલીકરણ તેમ જ પ્રગતિ માટે આંતવિભાગીય સંકલન અંગે નિયામકશ્રી, રોજગાર અને તાલીમે પૂરતી તકેદારી રાખવાની રહેશે.
4. પ્રોત્સાહનની રકમ એપ્રેન્ટીસ રોકતાં જે તે એકમોને ડી.બી.ટી ના માધ્યમથી ભારત સરકારની યોજના (એન.એ.પી.એસ) ની પધ્ધિત મુજબ ચુકવવાની રહેશે.
5. ગ્રેજ્યુએટ અને ટેકનીશય એપ્રેન્ટીસના કિસ્સામાં એપ્રેન્ટીસ અધિનિયમ અનુસારના નિયત વ્યવસાયોમાં જોડાયેલ એપ્રેન્ટીસ ઉમેદવારની નોધણી ભારત સરકારના માનવસંસાધન મંત્રાલયના " નેશનલ એપ્રેન્ટીસશીપ ટ્રેનિંગ સ્કીમ" (NATS) પોર્ટલ અને ટ્રેડ એપ્રેન્ટીસ તથા ટેકનીશયન એપ્રેન્ટીસના કિસ્સામાં એપ્રેન્ટીસ અધિનિયમ અનુસારના નિયત વ્યવસાયોમાં જોડાયેલ એપ્રેન્ટીસ ઉમેદવારની નોધણી ભારત સરકારના કૌશલ વિકાસ અને ઉદ્યમશીલતા મંત્રાલયના એપ્રેન્ટીસ પોર્ટલ પર કરેલી હોવી જોઇએ. આ ઉપરાંત તમામ પ્રકારના એપ્રેન્ટીસોની નોંધણી શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા બનાવવામાં આવનાર પોર્ટલ પર પણ કરવાની રહેશે.
6. આ યોજનાનો અમલ તારીખ-૦૧/૦૪/૨૦૧૮ થી કરવાનો રહેશે. તા. ૦૧-૦૪-૨૦૧૮ ની સ્થિતિએ જે તે એકમ દ્વારા જે એપ્રેન્ટીસને કરારબધ્ધ કરેલ હશે તેવા અગાઉથી કરારબધ્ધ કરાયેલ એપ્રેન્ટીસના કિસ્સામાં આ યોજનાનો લાભ તા:૦૧-૦૪-૨૦૧૮ થી એપ્રેન્ટીસની શૈક્ષણિક લાયકાત અનુસાર મળવાપાત્ર થશે.

7. સદરહુ યોજના હેઠળ કરારબધ્ધ થયેલ એપ્રેન્ટીસને નિયમોનુસાર સ્ટાઇપેન્ડ જે તે એપ્રેન્ટીસના ખાતામાં ડાયરેક્ટ બેનીફિટ ટ્રાન્સફર (DBT) થી ચુકવવાની કાર્યવાહી સંબધિત એકમ દ્વારા કરવાની રહેશે. એકમ દ્વારા એપ્રેન્ટીસોને તેઓ દ્વારા ચુકવવાનું થતું સ્ટાઇપેન્ડ એપ્રેન્ટીસના ખાતામાં ચુકવાયેલ છે તેની ખાતરી કર્યા બાદ જ આ યોજનામાં કરવામાં આવેલ જોગવાઇ અનુસાર ચૂકવવાપાત્ર રકમ સબંધિત એકમને ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફરના ધોરણે સબંધિત એકમોના બેંક ખાતામાં જમા આપવાની રહેશે. આ ચુકવણી સમયે એકમ દ્વારા એપ્રેન્ટીસ અધિનિયમ ૧૯૬૧ અને એપ્રેન્ટીસ નિયમો ૧૯૯૨ નું પાલન કરેલ છે તેની ખાત્રી અચુક કરવાની રહેશે.
8. તમામ કાર્યવાહી એપ્રેન્ટીસ અધિનિયમ, ૧૯૬૧ અને એપ્રેન્ટીસ નિયમો ૧૯૯૨ અને આ અંગે ભારત સરકારના માનવસંસાધન અને કૌશલ્ય વિકાસ અને ઉદ્યમશીલતા વિકાસ મંત્રાલયની વખતોવખત આપવામાં આવતી સુચનાઓ અનુસાર કરવાની રહેશે અને તદનુસાદર રેકર્ડ નિભાવવાનો રહેશે.
9. એકમ દ્વારા આપવામાં આવતી પ્રાયોગિક તાલીમમાં એપ્રેન્ટીસની હાજરી અંગે નાયબ / મદદનીશ એપ્રેન્ટીસ એડવાઝર દ્વારા ઓચિંતી ચકાસણી કરવાની રહેશે અને એપ્રેન્ટીસ પ્રોયોગિક તાલીમમાં નિયમિત રીતે જોડાયેલ છે તેમજ એકમ દ્વારા પ્રાયોગિક તાલીમની એપ્રેન્ટીસ અધિનિયમ, ૧૯૬૧ અને એપ્રેન્ટીસ નિયમો ૧૯૯૨ની જોગવાઇઓનું પાલન કરવામાં આવેલ છે તે અંગેની ખાત્રી કરવાની રહેશે.
10. શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા વિવિધ વિભાગોને તેઓ દ્વારા એપ્રેન્ટિસ એન્ગેજમેન્ટની કાર્યવાહી પૂર્ણ કર્યે એકમને ફાળવવાની થતી રકમ અનુસારની ગ્રાન્ટ જે તે વિભાગને હવાલે મૂકવામાં આવશે. જેનું યુ.ટી.સી. સંબંધિત વિભાગોએ શ્રમ અને રોજગાર વિભાગને રજુ કરવાનું રહેશે. ત્યાર પશ્ચાત વધારાની ગ્રાન્ટ ફાળવવામાં આવશે.
11. સને ૨૦૧૮-૧૯ ના વર્ષના અંદાજપત્રમાં થયેલ જોગવાઇઓને આધિન રહીને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહીને ખર્ચ કરવાનો રહેશે.
12. આ મંજુરી અન્વયે જો કોઇ પણ વસ્તુની ખરીદી/ખર્ચ કરવાનો હોય તો તે રાજ્ય સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણ અને ખરીદનીતિ-નિયમોનુસાર કરવાનો રહેશે.
13. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.
14. પ્રસ્તુત કામ માટે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના તા-૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/છ અન્વયે "ઇ" ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઇઓ સુચનાઓનું તથા વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
15. આ યોજના માટે કરવાની થતી ખરીદી રાજ્ય સરકારની ખરીદ પદ્ધતિ તથા પ્રવર્તમાન ધારાધોરણ અને નીતિ-નિયમોનુસાર કરવાની સંપૂર્ણ જવાબદારી નિયામકશ્રી, રોજગાર અને તાલીમની રહેશે.
16. આઇ.ટી સબંધિત તમામ બાબતો અંગે સરકારશ્રીની મંજૂરી મેળવી તથા સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો વખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
17. આ યોજના અન્વયે ખર્ચ કરતી વખતે રાજ્ય સરકારની ઇ-ટેન્ડરીંગ, પ્રવર્તમાન ખરીદ નીતિ અને આઇ.ટી સંબંધીત સુચનાઓનું પાલન કરવાનું રહેશે.

**18.** આ યોજના અન્વયે ખર્ચ કરતી વખતે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

**19.** આ યોજના અન્વયે બચત રહેતી રકમ વર્ષ આખરે જમા કરાવવાની રહેશે.

**20.** જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે. ખર્ચ થઇ શકે તેમ ન હોય તો બચત સુપ્રત કરવા અંગેની તમામ તકેદારી નિયામક, રોજગાર અને તાલીમની રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જે.સી.પટેલ)
ઉપ સચિવ,
શ્રમ અને રોજગાર વિભાગ,

પ્રતિ,

(૧)માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સરદાર ભવન , સેક્ટર-૧૦, ગાંધીનગર

(૨)અંગત સચિવશ્રી, માનનીય મંત્રીશ્રી,શ્રમ અને રોજગારનું કાર્યાલય, , સ્વર્ણિમ સંકુલ-૧, સરદાર ભવન , સેક્ટર-૧૦, ગાંધીનગર

(૩) ઉદ્યોગ અને ખાણ વિભાગ,બ્લોક નં-૫,૪ થો માળ., સરદાર ભવન , સેક્ટર-૧૦, ગાંધીનગર

(૪)પ્રવાસન વિભાગ, બ્લોક નં-૫, ૪ થો માળ , સરદાર ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર

(૫)શિક્ષણ વિભાગ,બ્લોક નં- ૫, ૭ મો માળ , સરદાર ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર

(૬)શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, બ્લોક નં-૧૪, ૯ મો માળ, સરદાર ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર

(૭) ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ,બ્લોક નં-૫, ૫ મો માળ, સરદાર ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર

(૮)આરોગ્ય અને કુટુંબ કલ્યાણ વિભાગ,બ્લોક નં-૭, ૭ મો માળ, સરદાર ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર

(૯)બંદરો અને વાહન વ્યવહાર વિભાગ,બ્લોકનં-૨, ૮ મો માળ, સરદાર ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર

(૧૦)કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,બ્લોક નં-૫, ૧ લો માળ, સરદાર ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર

(૧૧)માર્ગ અને મકાન વિભાગ,બ્લોક નં-૧૪, ૧ લો માળ, સરદાર ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર

(૧૨)નિયામકશ્રી, રોજગાર અને તાલીમ, બ્લોકનં-૧, ત્રીજોમાળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૧૩) મહાલેખાકારશ્રી, અમદાવાદ/રાજકોટ

(૧૪) નાણાં સલાહકારશ્રી(શ્ર.રો), બ્લોક નં-૪, ૧ લો માળ, સરદાર ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર

(૧૫)બજેટ શાખા, શ્રમ અને રોજગાર વિભાગ.

(૧૬) નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૧૭ )પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર, અમદાવાદ.

(૧૮)શાખા સિલેક્ટ ફાઇલ

(૧૯)નાયબ સેક્શન અધિકારી, સિલેક્ટ ફાઇલ

(૨૦) [illegible] શાખા, શ્રમ અને રોજગાર વિભાગ.